**Dr. Jaidev Trivedi**
B.Sc., M.B.B.S.
Reg. No. 2596

11, Amin Apt., 27, Prakashnagar Soci.
Nr. Jawahar Chowk, Maninagar,
Ahmedabad-380 008.
Ph. : (R) 25465524
M. : 97270 82811

6480
27 APR 2017

Date : ____________

★ તા. ૨૦, એપ્રિલ ૨૦૧૭ ★

(ચૈત્ર વદ નોમ સંવત ૨૦૭૪, ગુરૂવાર)

આજનો દિવસ એક આલ્હાદક દિવસ હતો. એક આનંદનો અને એક ઉત્સવનો દિવસ હતો, અનેક એક પર્વનો દિવસ હતો.

એક લાંબા ગાળાનાં સંકલ્પ અને ખૂબ જ મનોમંથન પછી ઈચ્છીત પરિણામમાં પરિણમ્યો છે.

આજનાં દિને મેં, સૌ. મયુરી તથા ચિ. પારસે મૃત્યુ પછી અમારા દેહને 'દેહદાન' માટે અર્પણ કર્યો છે. અમે ત્રણેયે ખૂબ જ વિચાર પૂર્વક, સ્વેચ્છાપૂર્વક અને પ્રસન્નતા પૂર્વક આ દેહ મૃત્યુબાદ બી.જે. મેડીકલ કોલેજને અર્પણ કર્યો છે.

Anatomy & on website

આવનાર ડૉક્ટર પેઢીનાં જ્ઞાનનાં શુભઆશય માટે જ આ રીતે અમોએ 'દેહદાન' કરેલ છે.

આમાં પ્રશંસા, પ્રતિષ્ઠા કે પ્રેરણા જેવું કશું જ નથી.

**Dr. Jaidev Trivedi**
B.Sc.; M.B.B.S.
Reg. No. 2596

11, Amin Apt., 27, Prakashnagar Soci.
Nr. Jawahar Chowk, Maninagar,
Ahmedabad-380 008.
Ph. : (R) 25465524
M. : 97270 82811

Date : ____________



જે પ્રોફેશન - વ્યવસાયે મને જીવન પર્યન્ત એક સ્ટેટસ, આજીવીકા અને પ્રેમ સંપાદન સાથે માનવ સેવાનો અવસર આપ્યોએ પ્રત્યે આ 'દેહદાન' કરી એ વ્યવસાય પ્રત્યે મારૂ કર્તવ્ય, મારી ફરજ અદા કરું છું.

આ પૂરીય પ્રક્રિયામાં સૌ. મયુરી - મારા ધર્મપત્ની અને મારી સુપુત્રી ચિ. પારસનું યોગદાન અત્યંત પ્રશંસનિય અને ગૌરવપૂર્ણ છે. તેમની સમઝણ, તેમનું સાહસ, દબાવ રહિત નિર્ણયે મને વધુ પ્રેર્યો. આ 'દેહદાન' યજ્ઞમાં તેમનાં દેહની આહુતિએ મારા માટે ગર્વનો વિષય છે.

ખરેખર તો આ વિચાર સૌ પ્રથમ સૌ. મયુરીને એક દાયકા પૂર્વ આવેલો પણ એ વિચારને ગંભીરપણે ન વિચારતાં વિલંબ થયો. સાથે સાથે મારી અત્યંત વ્હાલી દિકરી ચિ.

**Dr. Jaidev Trivedi**
B.Sc., M.B.B.S.
Reg. No. 2596

11, Amin Apt., 27, Prakashnagar Soci.
Nr. Jawahar Chowk, Maninagar,
Ahmedabad-380 008.
Ph. : (R) 25465524
M. : 97270 82811

Date : ______________



પારસની સમઝણ માટે પણ હું ગર્વ અનુભવું છું. તેણે આ કાર્યમાં સ્વેચ્છાએ જોડાઈ જીવનની સાર્થકતા પૂરવાર કરી એક મહાન પુણ્યનું કાર્ય કર્યું છે.

આ પૂરાય કાર્યમાં હું નિખાલસ પણે અને સોગંદપૂર્વક કહું છું કે આમાં કોઈનું પણ કે કોઈના પર કોઈ જાતનું દબાણ, આગ્રહ ન હતો.

દરેકને સ્વતંત્ર રીતે વિચારવા બે વર્ષનો લાંબો ગાળો પણ હતો એટલે કેટલાય ગરણામાંથી ગાળીને અંતમાં આ વિચારને કાર્યાન્વીત કર્યો છે. આ વિચારને અમલમાં મૂકતાં પહેલાં દરેકે વિચારમંથન, મનોમંથન કરી દરેક પાસાઓ પર પૂર્ણ રૂપે વિચાર વિનીમય કરી 'દેહદાન' આ વિચારને અમલમાં મૂક્યો છે.

આ કાર્યમાં અને આખીય પ્રક્રિયામાં સક્રિય રહીને, ઉત્પ્રેરક બનીને જેણે પ્રેરણા બળ આપ્યું છે તે સૌ. જ્યોતિ

**Dr. Jaidev Trivedi**
B.Sc., M.B.B.S.
Reg. No. 2596

11, Amin Apt., 27, Prakashnagar Soci.
Nr. Jawahar Chowk, Maninagar,
Ahmedabad-380 008.
Ph. : (R) 25465524
M. : 97270 82811

Date : ____________

(૪)

નિરંજન ત્રિવેદીનો હું આભારી અને ઋણી છું.

બી.જે. મેડીકલ કોલેજનાં એનાટોમી વિભાગના આસી. પ્રોફેસર સૌ. ડૉ. પારસબેન શ્રીમાનકર તથા બી.જે. મેડીકલ કોલેજનાં ડીન ડૉ. ભરત શાહ અને કોલેજનો અન્ય સ્ટાફ જે આ કાર્યમાં મદદરૂપ થયો છે તેમનો અંતઃકરણ પૂર્વક આભાર.

અંતમાં મારા સર્વે સ્વજનોને મારા-અમારા યથાયોગ્ય.

**"અવસર એ જ આવવાની હવે રાહ જોવું છું**
**જયાં હાજર હશે બધાં માત્ર મારી જ ગેરહાજરી હશે."**

ડૉ. જયદેવ ત્રિવેદી (૭૭ વર્ષ) : ....................

સૌ. મયુરી ત્રિવેદી (૭૪ વર્ષ) : ....................

કુ. પારસ ત્રિવેદી (૩૮ વર્ષ) : ....................